**રશિયા-યુક્રેન ભીષણ યુદ્ધ**

# જિલ્લાના છાત્રોને રોમાનિયાથી એરલીફ્ટ કરવાની તૈયારીઓ શરૂ

## ૫૦ કીમી પગપાળા પોલેન્ડ સરહદે પહોંચ્યા : ૧૦ છાત્રોની આવતા સપ્તાહમાં વતન વાપસીની તૈયારીઓ

બાયડ, તા. ૨૭
રશિયા દ્વારા યુક્રેનમાં થઈ ભારત સરકારે તૈયારીઓ શરુ કરી છે ત્યારે જાણવા મળ્યા મુજબ ગત પગપાળા જવા માટે જણાવ્યું છે તે જોતાં સાબરકાંઠા, અરવલ્લી યુક્રેનમાં ઉત્તર ગુજરાતના અનેક છાત્રો મેડીકલમાં અભ્યાસ કરી એમ.બી.બી.એસ. માં અભ્યાસ કરતા હોવાનું જિલ્લા ડિઝાસ્ટર મોટાભાગના વિદ્યાર્થીઓને સરહદ પર પહોંચવા સૂચના કરાશે તેવું જાણવા મળ્યું છે, જ્યારે રોમાનિયા સરહદ પર જવા માટે એરલીફ્ટ કરવા માટેની તમામ તૈયારીઓ









રહેલા હુમલા પછી ખાસ કરીને મેડીકલમાં અભ્યાસ માટે યુક્રેનમાં રહેતા છાત્રો વતનમાં આવવા માટે અધીરા બની ગયા છે. છાત્રોને રોમાનિયાથી એરલીફ્ટ કરવાની

રાત્રે ભારતની એમ્બેસી દ્વારા લકઝરી મારફતે કેટલાક મેડીકલ છાત્રોને પોલેન્ડ બોર્ડર ઉપર લઈ જવામાં આવ્યા હતા જેમાં બોર્ડરથી ૪૦ કી.મી. દૂર તેમને ઉતારી

જિલ્લાના ૧૦ છાત્રોની આવતા સપ્તાહમાં વતન વાપસી નિશ્ચિત મનાય છે. તમામ છાત્રો સુરક્ષિત હોવાનું તલોદ તાલુકાના નાનાચેખલાના પોલેન્ડ સરહદ ઉપર રાહત ટેન્ટમાં રહેલા ભાવિન કાળીદાસ પટેલે જણાવ્યું છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર રહ્યા છે. રશિયા અને યુક્રેન વચ્ચે યુદ્ધની સ્થિતિ આવી પડતાં યુક્રેનમાં ભારતીય વિદ્યાર્થીઓ સહિત ૨૦ હજારથી વધુ લોકો ફસાયાનું અનુમાન છે, સાબરકાંઠાના ૭ અને અરવલ્લીના ૫ મેડીકલ છાત્રો ટર્નોપીલ, ઓલેક્સેવિકાખર્કિંગમાં

વિભાગે જણાવ્યું હતું. જિલ્લા ડિઝાસ્ટર વિભાગ છાત્રોના વાલીઓ સાથે સતત સંપર્ક જાળવી રાખ્યો છે પરંતુ શનિવાર બપોર સુધી એકપણ છાત્ર એરલીફ્ટ મારફતે ભારત આવવા માટે રવાના થઈ શક્યો નથી. જ્યારે ભારત સરકારે

આપ્યા પછી પ્રારંભે ૨૪૦ જેટલા વિદ્યાર્થીઓની યાદી જારી કરાઈ હતી જેમાં જિલ્લાના એકપણ વિદ્યાર્થીનું નામ ન હોવાનું પણ જાણવા મળ્યું છે. પરંતુ બીજી યાદીમાં જિલ્લાના મોટાભાગના છાત્રોને પોલેન્ડ સરહદ પહોંચ્યા પછી એરલીફટની વ્યવસ્થા ઉભી

તમામ છાત્રોને લાવી સ્વદેશ લઈ લગભગ પૂરી કરવામાં આવી છે.

### કયા છાત્રો યુક્રેનમાં ફસાયા...

ધ્રુમિલ હસમુખભાઈ પટેલ, પીપોદરા, તા. બાયડ
ભાવેશ બાબુભાઈ વણઝારા, નાંદોજહાંડા, તા. ભિલોડા
કુલદિપ દિનેશભાઈ પટેલ, દહેગામડા , તા. ભિલોડા
પ્રિયાંશુ રવિન્દ્રભાઈ ચૌધરી, ઈટાડી, તા. મોડાસા
ચિંતન પંકજભાઈ પટેલ, રામપુરાકંપા(સરસોલી), તા. બાયડ
ફૈજાન ઈમ્તિયાઝ અહેમદ મેમણ, હિંમતનગર
રૈયાન ઈકબાલહુસેન મેમણ, હિંમતનગર
ભાવિન કાળીદાસ પટેલ, નાનાચેખલા, તા. તલોદ
મહમુદ અલ્ફાજ જહીર મેમણ, ઘાંટીરોડ, ઈડર
દક્ષેશ પટેલ, થુરાવાસ, તા.વડાલી

### ૫૦ કી.મી. પગપાળા ચાલી રાહત છાવણી પહોંચ્યા...

ટર્નોપિલમાં એમ.બી.બી.એસ.નો અભ્યાસ કરતા તલોદ તાલુકાના નાનાચેખલાના ભાવિન પટેલના પિતા કાળીદાસ પટેલે ટેલિફોનિક મુલાકાતમાં જણાવ્યું કે ભારતીય એમ્બેસી દ્વારા મેડીકલ છાત્રોને પોલેન્ડ બોર્ડર ઉપર મોકલવાની કામગીરી શરૂ થઈ છે. મારા પુત્ર શનિવારે બપોરે પોલેન્ડ બોર્ડર પહોંચવા માટે ઉતારાના સ્થળથી ૫૦ કી.મી. પગપાળા નિકળ્યો હતો અને હજુ ૧૦ કી.મી. રાહત કેમ્પ દૂર હોવાનું જણાવ્યું છે અને ત્યાંથી એરલીફટ કરી ભારત સરકારે લાવવાની વ્યવસ્થા કર્યાનું જણાવ્યું હતું.

# બાયડ વિધાનસભા જંગમાં ભાજપાના ઉમેદવારોની યાદીમાં શામળભાઈ પટેલનું નામ ગાજ્યુ

## કોંગ્રેસના પાટીદાર ઉમેદવાર સામે રાજ્યના સહકારી આગેવાન નવો વિકલ્પ

બાયડ, તા. ૨૭
બાયડ વિધાનસભાના જંગમાં ભાજપાના ઉમેદવારોની યાદીમાં અમૂલ ફેડરેશન અને સાબરડેરીના ચેરમેન શામળભાઈ પટેલનું નામ ગાજતાં નવા સમીકરણો ઉભા થઈ શકે છે. કોંગ્રેસના પાટીદાર ઉમેદવાર સામે પાટીદાર ઉમેદાવરને મેદાનમાં ઉભા રાખવાની કવાયત તેજ બની છે. જ્યારે કેન્દ્રીય ગૃહમંત્રી અમીત શાહની ગુડબુકમાં શામળભાઈ પટેલનું નામ હોવાનું પણ ચર્ચાઈ રહ્યું છે.

રાજકારણમાં પદ-પ્રતિષ્ઠા કિસ્મતનો ખેલ છે. એક સમયે શામળભાઈ પટેલને સામાન્ય સહકારી આગેવાન સમજતા આગેવાનો આજે તેમની પગચંપી કરતા જોવા મળે છે. આ બધામાં શામળભાઈ પટેલનું જમા પાસુ એ છે કે તેઓએ ક્યારેય જોડીદારને ગદ્દારી કરી નથી. તેમની સાથે ગદ્દારી કરનાર ક્યાંય શોધ્યા ન જડે તેવી સ્થિતિ છે. શામળભાઈ પટેલનું કિસ્મત એવુ ચમક્યુ કે સાબરડેરીના ચેરમેન અને તુરત જ અમૂલ ફેડરેશનના ચેરમેન બનવાની સાથે ભાજપા નેતાગીરીના પ્રિતીપાત્ર બન્યા. કોઈ પદ મેળવવા તેમને કાવાદાવા નથી કર્યા તેનું આ પરીણામ છે.

બાયડ વિધાનસભા મતક્ષેત્રમાં ઠાકોર-ક્ષત્રિય સમાજના ૬૮ હજારથી વધુ મતદારો છે ત્યારે આ સમાજમાં ટીકીટ માટે ભાજપામાં દાવેદારોની સંખ્યા સતત વધી રહી છે. આ સંજોગોમાં ભાજપા પાટીદાર ઉમેદવારને મેદાનમાં ઉતારી જંગ જીતવાનું ગણિત મંડાય તો નવાઈ પામવા જેવુ નહી હોય. છેલ્લા કેટલાક સમયથી શામળભાઈ પટેલનું નામ પણ વિધાનસભાના જંગ માટે ગાજતુ થતાં પશુપાલકો પણ ઉમેદવારના નામ બાબતે પૂછતાછ કરતા જોવા મળી રહ્યા છે.

### ધાનેરા તાલુકાના જીવાણા ગામની સિમમાંથી માસૂમ બાળકી જીવંત અવાવરૂ જગ્યામાંથી જીવંત મળી

બનાસકાંઠા જિલ્લાના ધાનેરા તાલુકામા માનવતા શબ્દ પરથી વિશ્વાસ ઉઠી જાય આવો બનાવ ધાનેરા તાલુકાના જીવાણા ગામમા બન્યો છે. બનાસકાંઠા જિલ્લાના ધાનેરા ના સંવાદદાતા ભરત બી. પરમાર નો અહેવાલ જણાવે છે કે,. ગત રોજ જીવાણા ગામ ની સિમ માંથી અવાવરૂ ઝાડી માંથી એક જીવંત બાળકી ની કિલકીલાટ સાંભળતા માસૂમ ત્વજી દેવાયેલી બાળકી ને સારવાર માટે ધાનેરા લઈ જવાઈ હતી. અને પછી પાલનપુર સિવિલ ખાતે સારવાર અપાઈ રહી છે.

# જિલ્લાની સરકારી કચેરીઓમાં મોટાભાગના સી.સી. ટી.વી. કેમેરા બંધ

## બંધ કેમેરા સરકારી બાબુઓ માટે ''રક્ષિત'' કવચ બન્યા

બાયડ, તા. ૨૭
સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાની સરકારી કચેરીઓમાં ભ્રષ્ટાચાર સતત વધી રહ્યાના આરોપ લાગ્યા છે ત્યારે મોટાભાગની સરકારી કચેરીમાં સી.સી. ટી.વી. કેમેરા બંધ હોવાથી ભ્રષ્ટ સરકારી બાબુઓ માટે તે રક્ષિત કવચ સમાન બની રહ્યા છે.

જિલ્લામાં સરકારી બાબુઓના અનહદ ભ્રષ્ટાચારની કથાઓ લખાય તેટલી હદે ભ્રષ્ટાચાર વધી રહ્યો છે. તાલુકા પંચાયત, મામલતદાર કચેરી, ઉપરાંત બહુમાળી ભવનમાંથી અનેક કચેરીઓમાં ચાલતા ભ્રષ્ટાચારથી પ્રજા-અરજદારો ત્રાહિમામ છે. જ્યારે દરેક સરકારી કચેરીઓ આગળ ભ્રષ્ટાચાર અટકવા લાંચરૂશ્વત બ્યુરો ઓફિસના ફોન નંબરની વિગતો જાહેરમાં દેખાય તે રીતે પ્રદર્શીત કરવાની સૂચનાનું બાળ મરણ થયુ છે. ખરીદીમાં અનહદ ભ્રષ્ટાચાર તેમજ નોંધ પાલકરના, મંજૂર કરવામાં ટેબલ ઉપર વજન મુકાય પછી જ ફાઈલ આગળ વધે છે. વધતો ભ્રષ્ટાચાર આગામી વિધાનસભા ચૂંટણીમાં રાજ્ય સરકાર માટે મુશ્કેલી ઉભી કરી શકે છે.

# સાબરકાંઠા-અરવલ્લીમાં સતત ઉંચકાતા તાપમાનથી ચિંતા

## માર્ચના મધ્યમાં ૪૮ ડિગ્રી તાપમાનની વકી

બાયડ, તા. ૨૭
સાબરકાંઠા-અરવલ્લીમાં બપોર પછી તાપમાનનો પારો સતત ઉંચકાઈ રહ્યો છે. વર્તમાન ગરમીની સ્થિતિ જોતાં માર્ચના મધ્યમાં તાપમાનનો પારો ૪૮ ડિગ્રીને આંબી જાય તેવી વકી છે. જિલ્લામાં અત્યારથી ઘાસચારા-પાણીની સમસ્યા ઉભી થઈ છે તેથી તકેદારી રાખવામાં નહી આવે તો વહીવટીતંત્રની અગ્નિપરીક્ષા સંભવ છે.

ઓછા વરસાદના વરવા સ્વરૂપ હંમેશા ઉનાળા દરમ્યાન જોવા મળે છે. કાળઝાળ ઉનાળાનો પગરવ શરૂ થયો છે ત્યારે જિલ્લામાં જાન્યુઆરીના અંતમાં મોટાભાગના તળાવ અને તમામ ચેકડેમ સુકાઈ ગયા હતા અને હવે જે તળાવોમાં પાર્ટલી પાણી હતું તે પણ અદશ્ય થઈ જતાં તળાવો સૂકાંભઠ્ઠ થયાં છે જેના કારણે મુંગા પશુઓને પીવાના પાણીની સમસ્યા આકાર લઈ રહી છે. તળાવો છલોછલ ભરવાની વાતોનો અમલ થયો નથી. જ્યારે એક પછી એક જળાશયોમાંથી પાણી ઓસરતાં ઉનાળુ ખેતી માટે ખેડૂતોને સિંચાઈના પાણી મળવાની સંભાવના ઘટી રહી છે જેથી ઘાસચારાનું વાવેતર પણ ઘટી શકે છે. આ તમામ સ્થિતિમાં માર્ચના આરંભે વહીવટીતંત્રની અગ્નિ પરીક્ષાનો તબક્કો શરૂ થઈ શકે છે. જ્યારે તાપમાનનો પારો અત્યારે ૩૫ ડીગ્રી છે આવતા માર્ચમાં કાળઝાળ ગરમી પ્રજાને વધુ પરેશાન કરી શકે છે.

# જિલ્લાની એસ.ટી. બસો ખાનગી પંપ પર ડીઝલ ભરાવતી જોવા મળશે

બાયડ, તા. ૨૭
સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના ખાનગી પેટ્રોલ પંપો ઉપર આગામી દિવસમાં એસ.ટી. બસ ડીઝલ ભરાવતી જોવા મળી શકે છે. ઓઈલ કંપનીઓએ યુદ્ધની આડમાં ઈંધણનો ભાવ વધારો કર્યો છે જેથી એસ.ટી. નિગમ હચમચી જતાં હવે રાજ્ય સહિત જિલ્લાના એસ.ટી. વિભાગોને ખાનગી પંપ પરથી ડીઝલ ખરીદવા માટે સૂચના આપવામાં આવી છે. જિલ્લામાં ૫૮૦ થી વધુ એસ.ટી. બસો નિર્ધારીત રુટ ઉપર દોડી રહી છે ત્યારે આ નિર્ણય બાદ ખાનગી કંપની આવકમાં વધારો થઈ શકે છે.

એસ.ટી. નિગમમાં તમામ બસ ડેપોમાં નિગમના ડીઝલ પંપ કાર્યરત છે. જ્યાંથી રુટ ઉપર દોડાવાતી એસ.ટી. બસોમાં નિયમિત ડીઝલ ભરવામાં આવતું હોય છે. પરંતુ યુક્રેન અને રશિયા વચ્ચે શરુ થયેલા યુદ્ધના કારણે ઓઈલ કંપનીઓએ ડીઝલના બલ્ક કયુમરના ભાવ વધારી દીધા છે. એસ.ટી. નિગમને ભાવ વધારાથી દૈનિક કરોડોનું નુક્સાન થઈ શકે તેમ હોવાથી હવે રીપેલર આઉટલેટ પંપના સંચાલકો સાથે કરાર કરી ખાનગી પંપોથી એસ.ટી. બસમાં ડીઝલ ભરાવવા માટે જણાવવામાં આવ્યું છે. નિગમ દ્વારા સમગ્ર રાજ્યમાં આપવામાં આવેલી આ સૂચનાનું પાલન થશે તો જિલ્લાના ખાનગી પેટ્રોલ પંપો ઉપર અન્ય વાહનોની જેમ ઈંધણ ભરાવવા માટે એસ.ટી. બસની કતાર જોવા મળી શકે છે. એસ.ટી. નિગમ દ્વારા વિભાગીય નિયામકોને ખાસ કરાર દ્વારા કિલોમીટરનો સમાવેશ કરી ડીઝલની પડતર કિંમત નક્કી કરી વધુમાં વધુ એસ.ટી.ને ફાયદો થાય તેમ ખરીદીની સૂચના અપાઈ છે. ઉચ્ચકક્ષાએથી અપાયેલી સૂચના પછી એસ.ટી.ના તમામ વિભાગીય નિયામકોએ નજીકના પેટ્રોલ પંપના સંચાલકો સાથે વાતચીતનો દોર શરુ કર્યો છે.

# ૨૮૦ ગામમાં ગૌચર નથી, અનેક ગૌચરો ઉપર દબાણો

## જિલ્લામાં મૂંગા પશુઓને જીવાડવા ઘાસચારા માટે દૂર દૂર ભટકતા પશુપાલકો : લમણા શેકતી ગરમીમાં ભારા ઉંચકવાના દ્રશ્યો

બાયડ, તા. ૨૭
ઉનાળાનો આરંભ થઈ ચૂક્યો છે. બપોરે લમણા શેકતી ગરમીનો રાઉન્ડ શરુ થયો છે ત્યારે જિલ્લાના પશુપાલકો મૂંગા પશુઓને જીવાડવા દૂર દૂરથી ઘાસચારો લાવવા મજબૂર બન્યા છે. લમણા શેકતી ગરમીમાં બંને જિલ્લામાં ભારા ઉંચકીને જતા મહિલા પશુપાલકોના દ્રશ્યો જોવા મળી રહ્યા છે. જિલ્લામાં ૨૮૦ ગામડાઓમાં ગૌચર ન હોવાનું જાણવા મળ્યું છે અને જ્યાં ગૌચર છે ત્યાં મોટાપાયે દબાણો થયા છે. તંત્રએ દબાણ હટાવ્યા પછી ફરીથી દબાણો થઈ ગયા છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર જિલ્લામાં ગૌચરો ઉપર દબાણ વધી રહ્યા છે. જ્યારે પાછલા ૧૦ વર્ષમાં ગૌચર તો ઠીક પરંતુ મૂંગા પશુઓ માટે પીવાનું પાણી પુરુ પાડતા તળાવો ઉપર પણ દબાઈનો. રાફડો જોવા મળી રહ્યો છે, સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં ૧૮ લાખથી વધુ મૂંગા પશુઓની વસતી છે જે પૈકી ૯



લાખથી વધુ મૂંગા પશુઓ ગૌચર, ગામતળ અને તળાવો આસપાસની જમીનમાંથી ચારો ચરી પોતાની ભૂખ સંતોષી રહ્યા છે. જિલ્લામાં ૧ લાખથી વધુ પશુપાલકો પાસે પોતાની માલિકીની જમીન નથી અને આવા પશુપાલકી અન્ય ખેડૂતો ઉપર નિર્ભર રહી ઘાસચારો મળે તો મૂંગા પશુઓની ભૂખ સંતોષી રહ્યા છે. ગત ચોમાસા દરમ્યાન બંને જિલ્લામાં ઓછા વરસાદથી શિયાળો પૂરો થાય તે પહેલાં ઘાસચારાની અછત સામે આવી, જ્યારે ઉનાળા દરમ્યાન ઘાસચારાનું વધુ પ્રમાણમાં વાવેતર થતું હોય છે પરંતુ આ વર્ષે ઓછા પાણીના કારણે ઘાસચારાનું વાવેતર ઘટવાની દહેશત છે અને કેટલાક પશુપાલકો ખેડૂતો પાસે ખેતરના અમૂક પટ્ટા ભાડે રાખી રજકો વાવતા આવ્યા છે પરંતુ આ વર્ષે બોરકૂવાના તળ ઉંડા ઉતર્યા પછી પશુપાલકો માટે રજકો પણ નસીબ થશે કે કેમ તે કહેવું મુશ્કેલ છે. જિલ્લાના બાયડ, ધનસુરા, તલોદ, પ્રાંતિજ, ભિલોડા, વિજયનગર સહિતના ગ્રામ્ય વિસ્તારોમાં બપોરે માથા ઉપર લીલા ઘાસના ભારા લઈને જતાં મહિલા પશુપાલકો દૂર દૂર સુધી જોવા મળે છે પરંતુ આગામી ૧૫-૨૦ દિવસમાં જ સરકાર મૂંગા પશુઓ માટે ઘાસચારાની ઉત્તમ વ્યવસ્થા ઉભી નહીં કરે તો સ્થિતિ વધુ વણસે તેવી દહેશત છે. સાબરકાંઠામાં ૧૨,૧૮૩ અને અરવલ્લીમાં ૮૨,૯૫૨ ચો.મીટર ગૌચરમાં દબાણો થયેલા છે અને જે ગૌચર ખુલ્લા છે ત્યાં મૂંગા પશુઓને ચારો ચરવાનું તો દૂર પરંતુ છાંયડો પણ નસીબ ન થાય તેવી સ્થિતિ પેદા થઈ છે. વહીવટીતંત્રના જણાવ્યા અનુસાર સાબરકાંઠાના ૧૮૨ અને અરવલ્લીના ૯૮ ગામડાઓમાં મૂંગા પશુઓ માટે ગૌચર નસીબ નથી.

# બીટીછાપરાની ચકચારી ઘટના બાદ બ્રહ્મજ્ઞાન પ્રગટ્યું

બાયડ, તા. ૨૭
મેઘરજ તાલુકાના બીટીછાપરાની આત્મઘાતી વિસ્ફોટની ચકચારી ઘટના પછી જિલ્લા પોલીસતંત્રમાં બ્રહ્મજ્ઞાન પ્રગટ થયું છે. જિલ્લામાં ગેરકાયદે વિસ્ફોટકોની હેરાફેરી સામે હમણાં સુધી આંખમિચામણાં કરનાર એસ.ઓ.જી. અને એલ.સી. બી.ની ટીમો વિસ્ફોટકોનો જખીરો પકડવા માટે દોડતી થઈ છે. જેમાં મેઘરજમાં તપાસ દરમ્યાન ૫૦ ડીટોનેટર ગેરકાયદેસર રાખવા અંગે માલપુરના નાથાવાસના શખ્સ સામે ગુનો નોંધવામાં આવ્યો છે. ઉનાળા પૂર્વે જ કૂવાઓમાં બ્લાસ્ટ કરવા માટે નીતિનિયમોને નેવે મૂકી ડીટોનેટરનો ઉપયોગ થઈ રહ્યો છે. જ્યારે જીલેટીન સહિતના એક્સપ્લોજીવની પણ બેરોકટોક હેરાફેરી થયા બાદ આત્મઘાતી બ્લાસ્ટની ઘટનાએ તંત્રને દોડતું કર્યું છે.

છેલ્લા કેટલાય સમયથી ગેરકાયદેસર એક્સપ્લોજીવની ફરિયાદો ઉઠતી રહી છે. માનવ વસતી તેમજ ગ્રાહકોની અવર જવરથી ધમધમતા વિસ્તારોમાં ચોક્કસ તત્વો જોખમી ડીટોનેટરનો વેપલો કરતા હોવા છતાં એસ. ઓ.જી. અને એલ.સી. બી. ની તપાસમાં કોઈ વિસ્ફોટકો પકડાતા ન હતા પરંતુ હવે બીટીછાપરાની ઘટના બાદ તૂરત ગેરકાયદે ડીટોનેટરનો જથ્થો ઝડપાતાં પોલીસની કામગીરી સામે પણ આંગળી ચિંધાઈ રહી છે. આત્મઘાતી વિસ્ફોટની ઘટનાએ સમગ્ર રાજયમાં સનસનાટી મચાવ્યા પછી બ્લાસ્ટ કરવામાં ડીટોનેટનો ઉપયોગ થયાનું ખૂલ્યું છે જેથી હવે એસ.ઓ.જી. અને એલ.સી.બી.ની ટીમોને અચાનક ગેરકાયદેસર એક્સપ્લોજીવ ઉપર રોક લગાવવાની ચાનક ઉપડતાં ઠેકઠેકાણે તપાસ શરુ કરવામાં આવી છે. મેઘરજમાં બસ સ્ટેશન વિસ્તારમાં માલપુરના નાથાવાસના મણીલાલ નાથાજી તરારે એક્સપ્લોજીવનો જથ્થો ગેરકાયદેસર રાખ્યો હોવાની જાણકારી મળ્યા બાદ ટીમોએ તપાસ કરતાં લોખંડના બેરલમાંથી ૫૦ ડીટોનેટર કેપ મળી આવતાં પોલીસ ફરિયાદ નોંધવામાં આવી છે.